# તિરંગા યાત્રાઓથી શહેરમાં દેશભક્તિનો અભૂતપૂર્વ જુવાળ

## શહેરમાં ઠેર ઠેર તિરંગા યાત્રાઓ યોજાઇ : વહીવટીતંત્ર સાથે સમાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને સ્વૈચ્છિક સંસ્થાઓએ તિરંગા યાત્રા યોજી

ગાંધીનગર, તા.૧૪ ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયાને ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે ત્યારે આખો દેશ 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત "હર ઘર તિરંગા" અભિયાન હેઠળ દેશભક્તિના રંગે રંગાઈ ગયો છે. ગાંધીનગર શહેરમાં પણ નાગરિકોએ તેમના ઘર, ઓફિસ દુકાનોએ તિરંગા ફરકાવ્યાં છે અને શહેરમાં વહીવટીતંત્ર, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ઠેર ઠેર તિંરગા યાત્રાઓ યોજાઈ રહી છે. શહેરમાં દેશભક્તિનો અભૂતપૂર્વ માહોલ છવાયો છે. સમગ્ર ગાંધીનગરમાં સ્વાતંત્ર્ય પર્વ પ્રત્યે અગાઉ ક્યારેય ના નિહાળ્યો હોય તેવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભારતના ૭૫મા સ્વતંત્રતા દિનની ઉજવણી માટે દેશભરમાં શનિવારથી શરૂ થયેલા ત્રણ દિવસના 'હર ઘર તિરંગા' અભિયાનમાં શહેરીજનો સ્વયંભૂ રીતે ઉમળકાભેર ભાગ લઈ રહ્યાં છે. શહેરમાં અત્ર-તત્ર-સર્વત્ર તિરંગા લહેરાતાં જોવા મળી રહ્યાં છે અને ક્યાંક બાઈક રેલી તો ક્યાંક સાયકલ રેલી યોજાઈ રહી છે, આ ઉપરાંત શહેરની શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વતંત્રતા વિષયે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે. શહેરીજનો પોતાના ઘરોના ધાબા પર, કંપાઉન્ડ વોલ પર કે ફ્લેટની ગેલેરીઓ પર અને વાહનો પર પણ તિરંગા લગાડવામાં આવેલાં જોવા મળી રહ્યાં છે.



### બીએસએફ દ્વારા ૨૦કિમીની સાયકલ રેલી યોજાઇ

ગાંધીનગર ખાતેના બીએસએફના ગુજરાત ફ્રન્ટીયરના અધિકારીઓ અને જવાનોની હાજરીમાં મહાનિર્દેશક જી.એસ.મલિકે સાયકલ રેલીને લીલી ઝંડી આપી હતી. જેમાં રેક. અધિકારીઓ અને જવાનોની અત્યંત ઉત્સાહી ટીમ જોડાઈ હતી. સાયકલ રેલી ૨૦ કિમીની હતી જે બીએસએફ કેમ્પસથી આઈઆઈટી-ગાંધીનગર થઈને અરણ્ય ઉદ્યાન થઈને ચાર રસ્તેથી પરત ફરી હતી.



### મા ભારતીની સેવા કરવા તપોવન સંસ્કારપીઠના યુવાનોનો રક્ત સંકલ્પ

અમિયાપુરમાં તપોવન સંસ્કાર પીઠ ખાતે રાષ્ટ્રવાદી જૈન આચાર્ય પૂ. ચંદ્રશેખરવિજયજી મ. સાહેબની પ્રેરણાથી સ્થાપિત તપોવન સંસ્કાર પીઠના તમામ યુવાનોએ જગત જનની વસુંધરા મા ભારતીની સેવા કરવા અને તેમના પ્રત્યે સમર્પણ વ્યક્ત કરવા માટે પોતાના લોહીથી વિશેષ રીતે હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે ભાજપના પ્રદેશ મહામંત્રી મહેશ કાસવાળાએ પોતાના લોહીથી સહી કરી માર્ગદર્શન આપ્યું હતું.



### ગાંધીનગર બીએપીએસ સ્વામિનારાયણ અક્ષરધામ ખાતે ધ્વજવંદન

આઝાદીના અમૃત મહોત્સવ ઉપક્રમે આજે બીએપીએસ સ્વામિનારાયણ અક્ષરધામ ગાંધીનગર ખાતે સંસ્થાના કન્વીનર સંત વર્ય પૂ.ઈશ્વરચરણ સ્વામી, અક્ષરધામના પૂ. સંતો, વરિષ્ઠ હરિભક્તો, અક્ષરધામના સ્વયંસેવકો સાથે એસઆરપીના જવાનો દ્વારા ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**ગાંધીનગર સમાચાર**

**અંક બંધ**

આજે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ૧૫-૮-૨૦૨૨ને સોમવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી ૧૬-૮-૨૦૨૨ને મંગળવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ.

- વ્યવસ્થાપક










**શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.**
મુખ્ય કચેરી : "બનાસ ભવન" ડીસા હાઈવે, પાલનપુર-૩૮૫૦૦૧ | ટેલીફોન (PBX) : (૦૨૭૪૨) ૨૬૧૩૦૫, ૨૬૧૧૪૫ | info@banasbank.com www.banasbank.com banasbank1959




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com